RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"


www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 07 * Date: 26.10.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

## રશિયાને મદદ કરવા ટ્રમ્પે યુક્રેનનું ઈન્ટરનેટ ધીમું કરાવ્યું હતું : અમેરિકાના અધિકારીઓનો ઘટસ્ફોટ

યુક્રેનમાં સ્ટારલિંક ઈન્ટરનેટ ધીમું પડવા પાછળ અમેરિકન સરકારનો હાથ હોવાનું ખુદ ભૂતપૂર્વ અધિકારીઓએ કબૂલ્યું છે. મસ્કે પણ જણાવ્યું કે, સ્ટારલિંક પરનો અંતિમ નિર્ણય અમેરિકન સરકાર જ લે છે. હિઝબુલ્લાહ અને હુથી બળવાખોરો પાસે પણ સ્ટારલિંક ટર્મિનલ હોવાની આશંકા છે. આ ખુલાસાથી અમેરિકામાં હડકંપ મચી ગયો છે. ટ્રમ્પ અને બાઈડન બંનેના શાસનમાં સ્ટારલિંકનો ઉપયોગ નીતિગત ધ્યેયો માટે કરાયો છે.રશિયાને મદદ કરવા ટ્રમ્પે યુક્રેનનું ઈન્ટરનેટ ધીમું કરાવ્યું હતું : અમેરિકાના અધિકારીઓનો ઘટસ્ફોટહું તો માત્ર ઓપરેટર, સ્ટરલિંકની



ચાવી અમેરિકન સરકારના હાથમાં : મસ્કસ્ટારલિંકના કેટલાક ટર્મિનલ હીઝબુલ્લાહ અને હુથી બળવાખોરો પાસે પણ હોવાની આશંકાના કારણે અમેરિકન સરકારમાં ફફડાટવોશિંગ્ટન : યુક્રેનમાં તાજેતરમાં ઈન્ટરનેટ ધીમુ પડી ગયુ તે અમેરિકન સરકારનો જ નિર્ણય હોવાની અમેરિકાના પૂર્વ અધિકારીઓની કબૂલાતથી હડકંપ મચી ગયો છે. ઉલ્લેખનીય છે કે ઝેલેન્સ્કીએ ફરિયાદ કરી હતી કે યુક્રેનને સ્ટારલિંકનું આપવામાં આવતું એક્સેસ ધીમુ પડી ગયુ હોવાથી રશિયા પર ડ્રોન હુમલા થઈ શકતા નથી. તેને લઈને યુએસ ગવર્નમેન્ટે તો સત્તાવાર રીતે ઈન્કાર કર્યો હતો, પરંતુ પહેલા મસ્કે જણાવ્યું હતું કે સ્ટારશિલ્ડ અંગેનો કોઈપણ નિર્ણય અમેરિકન ગવર્નમેન્ટ જ લે છે. તેના પછી હવે સરકારના જ અધિકારીઓની આ પ્રકારની ચોખ્ખી જાહેર કબૂલાતથી હડકંપ મચ્યો છે. અમેરિકાના આ છ પૂર્વ અધિકારીઓએ ત્યાં સુધી જણાવ્યું હતું કે યુક્રેન જ નહીં ઈરાન સુધી અમેરિકન સરકારે તેના નીતિગત ધ્યેયો સિદ્ધ કરવા સ્ટારલિંકને ચાલુ પણ કરાવ્યું છે અને બંધ પણ કરાવ્યું છે. ટ્રમ્પ જ નહીં અગાઉ બાઈડેનના શાસનમાં પણ આવું થઈ ચૂક્યું છે. આ બનાવ સ્પષ્ટપણે બતાવે છે કે રશિયા પર પ્રતિબંધો દૂર કરીને તેની સાથે કરેલા ડીઝલના ડીલના બદલામાં ટ્રમ્પ સ્ટારલિંકનું એક્સેસ મર્યાદિત કરીને પુતિનને મદદ કરી રહ્યા છે.યુક્રેનથી લઈને ઈરાન સુધી અમેરિકન સરકારે તેના નીતિગત ધ્યેયો સિદ્ધ કરવા માટે સ્ટારલિંકને ચાલુ પણ કરાવ્યું છે અને બંધ પણ કરાવ્યું છે. અમેરિકાના છ ભૂતપૂર્વ વરિષ્ઠ અધિકારીએ આ વાત જણાવી હતી. ચાર અધિકારીએ જણાવ્યું હતું કે બાઈડેન તંત્રએ સ્પેસએક્સને યમન અને લેબનોનમાં ઈરાન સમર્થિત આતંકીઓને પૂરી પડાતી પ્રોક્સી સર્વિસ બંધ કરવા જણાવ્યું હતું.જ્યારે ઈરાનમાં વોશિંગ્ટન ઈચ્છતુ હતું કે સરકાર વિરોધી દેખાવકારોને સ્ટારલિંકનું એક્સેસ મળે, જેથી દેખાવને વધુ પ્રોત્સાહન મળે. બાઈડનના શાસનના અધિકારીઓ માનતા હતા કે હુથી અને હીઝબુલ્લાહ ડાઈવર્ટેડ ટર્મિનલ્સનો ઉપયોગ કરતા હતા, જે તેમની પાસે વચેટિયાઓ દ્વારા પહોંચતું હતું. ઈન્ટેલિજન્સે ઓક્ટોબર ૨૦૨૩માં વ્હાઈટ હાઉસને જણાવ્યું હતું કે હીઝબુલ્લાહ સાથે જોડાણ ધરાવતી વ્યક્તિએ દક્ષિણ લેબનોનમાં ચાલતા યુદ્ધ દરમિયાન સ્ટારલિંક ટર્મિનલ મેળવ્યું છ.પાંચ ભૂતપૂર્વ અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨૦૨૪માં તેમણે આવો જ ભય હુથીઓ અંગે વ્યક્ત કર્યો હતો. કેટલાક કેસોમાં તો અમેરિકન તંત્રએ સ્પેસએક્સને સ્પષ્ટ જણાવ્યું છે કે તે આ પ્રકારના ટર્મિનલો ઓળખી કાઢે અને બંધ કરી દે. આમાના કેટલાક ડીએક્ટિવેટ પણ કરાયા હતા, એમ બંને અધિકારીએ જણાવ્યું હતું.જ્યારે ટ્રમ્પ તંત્રએ જુન ૨૦૨૫માં ઈરાન પર હુમલા કર્યા પછી ઈરાનમાં સ્ટારલિંકને એક્ટિવ કરવા પર ચર્ચા કરી હતી અને ફરીથી ફેબ્રુઆરી ૨૦૨૬માં તેને સક્રિય કરવા ચર્ચા કરી હતી. જો કે ક્યારેય જાહેરમાં તે વાતને સમર્થન આપવામાં આવ્યું નથી કે ઈરાનમાં ટર્મિનલ ચાલુ કરવામાં આવ્યા હતા. વોલસ્ટ્રીટ જર્નલે ફેબ્રુઆરીમાં અહેવાલ આપ્યો હતો કે અમેરિકન સરકારે હજારો સ્ટારલિંક ઈરાનમાં મોકલ્યા હતા. મસ્ક સત્તાવાર રીતે કહી ચૂક્યા છે કે સ્ટારશીલ્ડ સિસ્ટમની માલિકી અને અંકુશ અમેરિકન સરકારનો છે. તેની લિમિટ યુએસ મિલિટરી એટલે કે અમેરિકન પ્રમુખ જ નક્કી કરે છે. તાજેતરમાં જ ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચે થયેલો વિવાદ દર્શાવે છે કે ટ્રમ્પ હવે ઝેલેન્સ્કીથી દૂર જવાનો નિર્ણય કરી ચૂક્યા લાગે છે.મસ્ક આ પહેલા પણ યુક્રેનમાં સ્ટારલિંકનો ઉપયોગ મર્યાદિત કરવાનું પગલું લઈ ચૂક્યા છે. ૨૦૨૨માં સ્પેસએક્સેયુક્રેન જ્યારે તેણે ગુમાવેલા વિસ્તારનો કબ્જો પાછો મેળવવા પ્રયત્ન કરી રહ્યુ હતુ ત્યારે સ્ટારલિંકે તેનું એક્સેસ મર્યાદિત કર્યુ હતુ.

## 'એઆઈ પર આંખો મીંચીને ભરોસો ન કરો, તેને અટકાવવાની વ્યવસ્થા હોવી જોઈએ'


માઈક્રોસોફ્ટના સીઈઓ સત્યા નાડેલાએ વોશિંગ્ટનમાં છેં ટેકનોલોજી અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે છેંને સંપૂર્ણ છૂટો દોર ન આપવો જોઈએ અને વાહનની જેમ તેમાં પણ ઈમરજન્સી બ્રેક હોવી જરૂરી છે. નાડેલાએ ભારપૂર્વક કહ્યું કે, છેં ગરબડ કરી શકે છે, તેથી મહત્વની માહિતી માટે એકથી વધુ મોડેલનો ઉપયોગ કરવો જોઈએ. માણસ જ્યારે ઈચ્છે ત્યારે છેંને નિયંત્રિત કરી શકે તેવી સિસ્ટમ અનિવાર્ય છે'એઆઈ પર આંખો



મીંચીને ભરોસો ન કરો, તેને અટકાવવાની વ્યવસ્થા હોવી જોઈએ'માઈક્રોસોફ્ટના સીઈઓ સત્યા નાડેલાની એઆઈ કંપનીઓને સલાહવાહનની જેમ એઆઈમાં પણ ઈમરજન્સી બ્રેક જરૂરી, મહત્ત્વની માહિતી માટે એકથી વધુ મોડલ વાપરો : નાડેલાવોશિંગ્ટન : માઈક્રોસોફ્ટના સીઈઓ સત્યા નાડેલાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી બાબતે ચિંતા વ્યક્ત કરતા તાજેતરમાં કહ્યું હતું કે એઆઈને એટલો છૂટો દોર ન આપવો જોઈએ કે તે માણસના કાબૂ બહાર જાય. હંમેશા એવી સિસ્ટમ તો રાખવી જ જોઈએ કે માણસ ધારે ત્યારે તેને બંધ કરી શકે. માણસ ઈચ્છે ત્યારે તેને કાબૂમાં કરી શકે. એઆઈ બનાવતી કંપનીઓ તેમનું મોડલ સેફ હોવાનો દાવો કરે એટલા માત્રથી એઆઈ પર આંખો બંધ કરીને ભરોસો કરવા જેવો નથી.સત્યા નાડેલાએ ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે એઆઈ ગરબડો કરી શકે છે. એઆઈ ખોટી માહિતી આપી શકે છે. એઆઈ ગેરમાર્ગે દોરી શકે છે. આવી સ્થિતિમાં ખૂબ મહત્ત્વની જાણકારી મેળવો ત્યારે એકથી વધુ એઆઈ મોડલની મદદ મેળવો. એકના સહારે કોઈ નિર્ણય પર ન આવો. એઆઈ બનાવતી કંપનીઓ ભલે દાવો કરે કે તેમનું મોડલ સેફ છે, પરંતુ એ રીતે તેના પર ભરોસો ન મૂકો. એઆઈ ટેકનોલોજીની સરખામણી નાડેલાએ વાહનની બ્રેક સાથે કરતા કહ્યું કે જેમ વાહનમાં ઈમરજન્સી બ્રેકની વ્યવસ્થા હોય છે તેમ એઆઈમાં પણ બ્રેક હોવી જોઈએ. માણસ ધારે ત્યારે તેને અટકાવી શકે એવી વ્યવસ્થા અનિવાર્ય રીતે જરૂરી છે.તેમણે એવી સલાહ આપી કે એઆઈમાં ગરબડ થઈ શકે એ માનીને શરૂઆતથી જ મોડલ પર નજર રાખવી પડશે. એઆઈએ ક્યા પ્રકારનું કામ કર્યું, કોઈ નિર્ણય લીધો તો કેમ લીધો અને તે પાછળ શું કારણ જવાબદાર હતું તે તમામ બાબતોનો રેકોર્ડ શરૂઆતથી જ રાખવો હિતાવહ છે. એનાથી ખબર પડશે કે એઆઈએ ક્યાં ગરબડ કરી. તેમણે એઆઈ કંપનીઓને સલાહ આપી કે એઆઈ મોડલની ભૂલો છાવરવાને બદલે તેની જાણકારી શેર કરવી જોઈએ. સિક્યોરિટીની ગરબડો ક્યાં થઈ તેની જાણકારી બહાર આવશે તો એઆઈ પર કાબૂ રાખવાનું આસાન બનશે.સત્ય નાડેલાએ કહ્યું કે એઆઈ મોડલને આગળ વધારવા જોઈએ.

## સુપર અલ નીનો : પ્રશાંત મહાસાગરનું તાપમાન પહેલી વખત ૩૦ ડિગ્રીને પાર

સુપર અલ નીનોના કારણે વૈશ્વિક વાતાવરણ ચિંતાજનક રીતે બદલાઈ રહ્યું છે. અમેરિકન ડેટા મુજબ, પ્રશાંત મહાસાગરમાં તાપમાન ૩૦ ડિગ્રી સે. ઉપર પહોંચી ગયું છે. વૈજ્ઞાનિકોના મતે, આ ફેરફાર આગામી વર્ષે દુનિયાના તાપમાન પર વિપરીત અસર કરશે. વિશ્વ હવામાન સંસ્થાના અંદાજ મુજબ, અલ નીનો ડિસેમ્બરમાં તેની ટોચ પર પહોંચશે, જે ભારત સહિત વિશ્વ માટે ચિંતાજનક છે. સુપર અલ નીનોના કારણે ભારત સહિત દુનિયાભરનું વાતાવરણ ચિંતાજનક હદે બદલાઈ રહ્યું છે. અમેરિકન નેશનલ ઓસનિક અને એટમોસ્ફિરિક એડમિનિસ્ટ્રેશનના ડેટા મુજબ પ્રશાંત મહાસાગરમાં ગુરુવારે પહેલી વખત ૩૦ ડિગ્રી સે.થી ઉપર જતું રહ્યું હતું. પ્રશાંત



મહાસાગરના વાતાવરણમાં થયેલા આ ફેરફારની આગામી વર્ષે દુનિયાના તાપમાન પર વિપરિત અસરો જોવા મળી શકે છે તેવી આશંકા વૈજ્ઞાનિકોએ વ્યક્ત કરી હતી.વિશ્વ હવામાન સંસ્થાએ જણાવ્યું કે, અલ નીનો ડિસેમ્બરમાં પીક પર પહોંચી જવાની સંભાવના છે ત્યારે ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચે મધ્ય અને પૂર્વીય પ્રશાંત મહાસાગરમાં તાપમાન વિક્રમી સ્તરે પહોંચી જવાની અપેક્ષા છે. અલ નીનો પર નજર રાખતા હવામાન વૈજ્ઞાનિકો પ્રશાંત મહાસાગરના આ વિસ્તારને ખૂબ જ મહત્વનો માને છે. આ વિસ્તારનું તાપમાન પહેલી વખત ઐતિહાસિક સ્તરે પહોંચી ગયું છે, જેણે ભારત સહિત વૈશ્વિક હવામાન ચક્ર અંગે ચિંતા વધારી દીધી છે.વિશ્વ હવામાન સંસ્થા (ડબલ્યુએમઓ) મુજબ અસામાન્યરૂપે શક્તિશાળી અલ નીનોના કારણે મહત્વના સમુદ્રી ક્ષેત્રમાં સરેરાશ તાપમાન જૂનમાં સામાન્યથી ૧.૬ ડિગ્રી સે. વધુ હતું, જે ઓગસ્ટ સુધીમાં વધીને ૨.૫ ડિગ્રી સે. વધુ થઈ ગયું હતું. વૈજ્ઞાનિકોનું માનવું છે કે ઓક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન અહીં તામાનપ અંદાજે ૩.૭ ડિગ્રી સે. વધુ સુધી પહોંચી શકે છે.ડબલ્યુએમઓના તાજા પૂર્વાનુમાન મુજબ આગામી મહિનાઓમાં દક્ષિણ એશિયાના મોટાભાગના હિસ્સામાં તાપમાન સામાન્યથી વધુ રહેવાની સંભાવના છે. અલ નીનો સતત મજબૂત થતા વરસાદની અછતનો સામનો કરી રહેલા ભારત માટે શિયાળામાં પણ ગરમી ચિંતા વધારી શકે છે. ભારતીય હવામાન વિભાગ મુજબ વર્ષ ૨૦૨૬માં દેશમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ સામાન્યથી લગભગ ૧૩ ટકા ઓછા વરસાદ સાથે સમાપ્ત થયું છે.ભારત પર અલ નીનો એ રીતે પણ જોઈ શકાય છે.

## નેપાળ અને બાંગ્લાદેશ કરતાં ભારતમાં ભૂખમરો વધારે, ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં ૧૨૨ દેશોમાં ભારતનું સ્થાન ૧૦૦મા ક્રમે

ગ્લોબલ હંગર ઈન્ડેક્સ ૨૦૨૬ જાહેર થયો છે, જેમાં ભારત ૧૨૨ દેશોમાંથી ૧૦૦માં ક્રમે છે. જર્મનીની ઉઉઊ અને આઈરીશની કોન્સર્ન વર્લ્ડવાઈડ સંસ્થા દ્વારા જાહેર કરાયેલા આ ઈન્ડેક્સમાં ભારતને ૨૪.૧ સ્કોર સાથે 'ગંભીર' શ્રેણીમાં મુકાયું છે. ભારતની ૯.૮% વસ્તી કુપોષિત છે અને ૫ વર્ષથી નાના બાળકોમાં દુબળાપણું વધીને ૧૯% થયું છે, જે દક્ષિણ એશિયામાં સૌથી વધુ છે. સરકારે આ દાવા ફગાવ્યા છે.નેપાળ અને બાંગ્લાદેશ કરતાં ભારતમાં ભૂખમરો વધારે, ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં ૧૨૨ દેશોમાં ભારતનું સ્થાન ૧૦૦મા ક્રમેવૈશ્વિક ભુખમરાનો વર્ષ ૨૦૨૬નો ઈન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો છે. વિશ્વભરમાં ભુખમરાની શું સ્થિતિ છે તે જણાવતા આ ઈન્ડેક્સમાં ભારતને ગંભીર ભુખમરાની કેટેગરીમાં મુકવામાં આવ્યું છે. ભારતની



સ્થિતિ પાડેશો દેશો નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકા કરતા પણ ખરાબ છે. જોકે પાકિસ્તાન કરતા સારી છે. ભારતને ગ્લોબલ હંગર ઈન્ડેક્સ ૨૦૨૬ની કુલ ૧૨૨ દેશોની યાદીમાં ૧૦૦માં ક્રમે રાખવામાં આવ્યું છે.જર્મનીની એઈડ એજન્સી ડબલ્યુએચએચ અને આઈરીશની સંસ્થા કોન્સર્ન વર્લ્ડવાઈડ દ્વારા સંયુક્ત રીતે આ વૈશ્વિક ભુખમરાનો ઈન્ડેક્સ જાહેર કરાયો છે. જેમાં ઈન્ટરનેશનલ લો ઓફ પીસ, સ્વિસ સંસ્થા હેલવેટ્સે પણ યોગદાન આપ્યું છે. ઈન્ડેક્સમાં ભારતને ભુખમરામાં ૨૪.૧ સ્કોર સાથે ગંભીર કેટેગરીમાં રાખવામાં આવ્યું છે. આ સ્કોરને ભારત ૨૦૧૨થી નથી તોડી શક્યું, ભારતની ૯.૮ ટકા વસતી કુપોષિત છે, પાંચ વર્ષથી ઓછી વયના ૨૯.૩ ટકા બાળકો ઉંમર મુજબ ઉંચાઈ નથી ધરાવતા, ભારતમાં પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં દુબળાપણુ વધીને ૧૯ ટકા થઈ ગયું છે જે દક્ષિણ એશિયામાં સૌથી વધુ છે. અગાઉ આ ટકાવારી ૧૬.૯ ટકા હતી. આ ઈન્ડેક્સનો સ્કોર અલ્પપોષણ, બાળકોમાં ઠીંગણાપણું, દુબળાપણું, બાળમૃત્યુ દર વગેરેનો સમાવેશ કરાય છે.ભારતનો સ્કોર ૨૪.૧ છે તો બીજી તરફ પાડોશી દેશ નેપાળનો સ્કોર ૨૦૧૮માં ૧૮.૪ હતો જે ૨૦૨૬માં સુધરીને ૧૪.૫એ પહોંચ્યો હતો. એટલે કે ૩.૯ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે ભારતનો ૧.૭ ટકા જ ઘટયો હતો, શ્રીલંકાનો સ્કોર પણ ૧૧.૪થી ઘટીને ૧૦.૨એ પહોંચ્યો હતો. બાંગ્લાદેશનો ૨૦થી ઘટીને ૧૯.૨ રહ્યો હતો. જોકે ભારતના પાડોશી દેશ પાકિસ્તાનની સ્થિતિ ભારત કરતા થોડી વધુ ખરાબ છે. પાક.નો સ્કોર ૨૪ પોઈન્ટથી વધીને ૨૫.૫ પોઈન્ટ પર પહોંચી ગયો હતો અને વિશ્વના ૧૨૨ દેશોમાં ૧૦૬માં ક્રમે ધકેલાયું હતું. જોકે બાંગ્લાદેશમાં બાળકોના પોષણમાં ભારત કરતા વધુ સુધારો જોવા મળ્યો હતો. બીજી તરફ કેન્દ્ર સરકારને આ દાવાને ફગાવ્યા છે, મહિલા અને બાળ વિકાસના રાજ્યકક્ષાના મંત્રી સાવિત્રી ઠાકુરે અગાઉ કહ્યું હતું કે પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ભારતના ૮૦ કરોડ લોકોને સરકાર તરફથી અનાજ પુરુ પાડવામાં આવે છે. તેથી ભુખમરાના દાવા અયોગ્ય છે.



## તંત્રી લેખ

### આ તે કેવું ન્યાયતંત્ર! NIA ની ૩ કોર્ટે ૧૦ વર્ષમાં ૩૪ કેસમાંથી ફક્ત ૪ માં જ ચુકાદો આપ્યો

અમદાવાદમાં ટ્રેંછની ૩ સ્પેશિયલ કોર્ટોમાં માત્ર ૩૪ કેસ હોવા છતાં, ૧૦ વર્ષમાં ફક્ત ૪ કેસમાં ચુકાદા આવ્યા છે. ભાજપના નેતાઓની હત્યાથી લઈ ૨૧,૦૦૦ કરોડના મુંદ્રા ડ્રગ્સ કેસ જેવા રાષ્ટ્રીય સુરક્ષાના અતિ સંવેદનશીલ કેસોમાં પણ ન્યાયિક વિલંબથી ન્યાયતંત્ર પર ગંભીર સવાલો ઊભા થયા છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશો છતાં, ૩૦ કેસ હજુ પડતર છે.આ તે કેવું ન્યાયતંત્ર! ટ્રેંછ ની ૩ કોર્ટે ૧૦ વર્ષમાં ૩૪ કેસમાંથી ફક્ત ૪ માં જ ચુકાદો આપ્યો ગુજરાતમાં અમદાવાદની નેશનલ ઈન્વેસ્ટિગેશનની ત્રણ-ત્રણ સ્પેશિયલ કોર્ટો હોવા છતાં અને તેમાં માત્ર ૩૪ જ કેસ છે. પરંતુ ૧૦-૧૦ વર્ષના વહાણાં વીત્યા બાદ પણ એટલે કે, એક દાયકા પછી પણ આ કોર્ટેએ માત્ર ચાર જ કેસમાં ચુકાદા આપ્યા છે. આ તે કેવું ન્યાયતંત્રપ! ભાજપના બે નેતાઓની ગોળી મારી હત્યાના ડબલ મર્ડરથી લઇ મુંદ્રાના ૨૧ હજાર કરોડના ડ્રગ્સ કેસથી લઈ રાષ્ટ્રની સુરક્ષા અને સલામતી સાથે અતિ સંવેદનશીલ કેસોમાં ૧૦-૧૦ વર્ષ પછી પણ કોર્ટો ચુકાદા આપી શકી નથી, તેને લઈને ખુદ ન્યાયતંત્ર સામે જ ગંભીર સવાલ ઉઠી રહ્યા છે.જો રાષ્ટ્રની સુરક્ષાના આવા અતિ ગંભીર કેસોમાં જો કોર્ટો ૧૦-૧૦ વર્ષ સુધી ચુકાદા ના આપી શકતી હોય તો સામાન્ય નાગરિકોના કેસોમાં શું સ્થિતિ હશે તે સ્વાભાવિક રીતે જ સમજી શકાય તેમ છે. આટલા વર્ષોના ન્યાયિક વિલંબ બદલ ન્યાયતંત્રને પૂછનાર કોણ તે સામાન્ય માણસનો પ્રશ્ન છે.સુપ્રીમ કોર્ટે ટ્રેંછમાં નોંધાયેલા કેસોમાં ઝડપથી નિકાલ કરવા સહિતના મુદ્દે મહત્વના નિર્દેશો જારી કર્યા હતા.

## પરીક્ષા માત્ર ચોપડાની નથી હોતી,જીવન પણ રોજ પરીક્ષા લે છે.

# તમને તમારા જ દગો દેશે, કારણ કે અમને અમારાનો અનુભવ છે!!

રાજ્યમાં અત્યારે પ્રાથમિકથી માંડીને કોલેજ સુધીની પ્રથમ ટેસ્ટ પરીક્ષાઓ ચાલે છે. બાળકો ચોપડા ફંફોસે છે, મા-બાપ ટેન્શનમાં છે. આવા સમયે માર્ક્સની વાત તો બધા કરે છે, પણ માર્ક્સથી આગળની એક વાત આજે કરવી છે.

થોડા દિવસ પહેલા હું એક વૃદ્ધાશ્રમમાં ગયો હતો. દિવાલો પર સુવાક્યો લખેલા હતા. એક વાક્ય પર મારી નજર ચોંટી ગઈ. લખ્યું હતું - "તમને તમારા જ દગો દેશે, કારણ કે અમને અમારાનો અનુભવ છે!!"

એ કોઈ પુસ્તકનું વાક્ય નહોતું,૮૦ વર્ષની આંખોમાંથી નીકળેલું સત્ય હતું. ત્યાં બેઠેલા દરેક વડીલની એક જ કથા હતી - અમે દીકરા માટે ઘર, જમીન, પૈસા બધું રાખ્યું, પણ સંસ્કાર આપવામાં થાપ ખાઈ ગયા. અમે જવાબદારીને માત્ર પૈસા કમાવા પૂરતી સમજી બેઠા. તે દિવસે સમજાયું કે જીવનનું મોટું સત્ય યુનિવર્સિટીમાં નથી, ભીની આંખોવાળી દિવાલો પર લખેલું હોય છે. આજની પરીક્ષાઓના માહોલમાં આ દિવાલના પાંચ પાઠ દરેક વિદ્યાર્થી, વાલી અને શિક્ષકે સમજવા જેવા છે.

માણસને લાગે છે હું સિસ્ટમને છેતરી શકું છું. વિદ્યાર્થી વિચારે - આજે વાંચવાનું ટાળી દઉં, કાલે વાંચીશ. વાલી વિચારે - બાળકને મોબાઈલ આપી દઉં એટલે હોમવર્કની માથાકૂટ પતી. પણ કુદરતનો હિસાબ પાકો છે. તે ઉધાર રાખતો જ નથી. આજે તમે કસરત ટાળશો તો શરીર પાંચ વર્ષ પછી વ્યાજ સાથે હિસાબ માંગશે. આજે દીકરા સાથે વાત ટાળશો તો વીસ વર્ષ પછી તે તમારી સાથે વાત ટાળશે. પરીક્ષામાં પણ એવું જ છે. જવાબદારી ટાળવી એ ક્ષણિક રાહત છે, પણ રિઝલ્ટમાંથી છટકી શકાતું નથી. બિલ ન ભરો તો લાઈટ કપાય જ છે. ડાહ્યો માણસ પરિણામ સુધારવા આજે જ જવાબદારી સ્વીકારે છે.આપણે બધા લિફ્ટ શોધીએ છીએ -કોઈ સારી લાગવગ, કોઈ શોર્ટકટ, કોઈ લીક થયેલું પેપર. નસીબ ક્યારેક લિફ્ટ આપી પણ દે છે. પણ લિફ્ટની ત્રણ તકલીફ છે. લાઈટ જાય એટલે અટકી જાય, અંદર કેટલા માળ ચડ્યા એ ખબર ન પડે એટલે અભિમાન આવે, અને ઉપરથી પડો તો ફરી ચડતા આવડે નહીં. પગથિયા ચડનાર થાકે છે, પરસેવો પાડે છે, પણ દરેક પગથિયે મજબૂત થાય છે. તેને ખબર છે હું ૩૨ પગથિયાં ચડ્યો છું. એટલે દશ પગથિયાં લપસે તો પણ ફરી ચડી શકે. ભણવામાં, ધંધામાં, સંબંધમાં કોઈ લિફ્ટ નથી. રોજનું એક પગથિયું, રોજની એક કલાકની ઈમાનદાર મહેનત જ ટોચ પર ટકાવે છે. વિદ્યાર્થીઓ માટે આજનો સૌથી મોટો મંત્ર આ જ છે.આખો દિવસ આપણે ૫૦૦ લોકોને ઈમ્પ્રેસ કરવામાં જીવીએ છીએ. વોટ્સએપ સ્ટેટસ કોણ જોશે, સોસાયટી શું કહેશે. એકાંતમાં બેસીને એક કાગળ પર લખો - જો હું કાલે ન હોઉં તો કોને ફર્ક પડશે? યાદી ૩-૪ નામથી લાંબી નહીં હોય. મા, બાપ, જીવનસાથી, સંતાન, એકાદ મિત્ર. તો પછી બાકીના ૪૯૬ લોકો માટે રોજ શા માટે મરો છો? ફર્ક પડે એમની ચિંતા કરો. જે લોકો તમારી ગેરહાજરીમાં યાદ પણ ન કરે, એમની હાજરીમાં ચિંતા કરવાની જરૂર નથી. આ સમજણ આવે એટલે ૮૦% ટેન્શન ખતમ થઈ જાય. પરીક્ષાના ટેન્શનમાં પણ આ જ લાગુ પડે. બધાને સાબિત કરવા કરતા, પોતાના માટે ભણો.

જે ભૂતકાળ યાદ નથી રાખતા અને ભવિષ્યનો ભય નથી રાખતા, એ જ વર્તમાનનો આનંદ માણી શકે. આપણે બે ટાઈમ-મશીનમાં ફસાયેલા છીએ. સવારે ભૂતકાળ - તેણે આવું કેમ કહ્યું, અને સાંજે ભવિષ્ય - કાલે શું થશે. વચ્ચે જે બપોરની ચા, બાળકનું હાસ્ય, દસ મિનિટની હૂંફાળી વાત છે, એ વર્તમાનને આપણે પીતા જ નથી. અહીં જ યાદ રાખો - કુદરતી દુઃખ એ પરીક્ષા છે, ઉભું કરેલું દુઃખ એ શિક્ષા છે. વરસાદ, બીમારી એ પરીક્ષા છે. પણ "તેણે લાઈક ન કરી" એ શિક્ષા છે જે આપણે જાતે બનાવી છે.

અમુક સંબંધોનું કોઈ નામ નથી હોતું, બસ આત્મિક અનુસંધાન હોય છે. રાત્રે બે વાગ્યે મદદે આવતો મિત્ર, વીસ વર્ષ પછી નામ યાદ રાખતો શિક્ષક. આ સંબંધો જ જીવન ટકાવે છે.

આપણો સૌથી મોટો જૂઠો શબ્દ છે "કાલથી". કાલથી વહેલા ઉઠીશ, કાલથી ભણીશ, કાલથી પપ્પા સાથે બેસીશ. સાહેબ, કેલેન્ડરમાં આવતીકાલ નામનો દિવસ જ નથી. જે આવે છે તે "આજ" બનીને જ આવે છે. એટલે મુહૂર્ત આજે જ કાઢો. પહેલું પગથિયું આજે જ ચડો. નહીંતર વૃદ્ધાશ્રમની દિવાલ સાચી પડશે.

પરીક્ષા તો પતી જશે, પણ જીવનની પરીક્ષામાં પાસ થવા માટે આજે જ એક નાનો સંકલ્પ કરો - કોઈ એક વ્યક્તિને મળી લેવું, એક માફી માંગી લેવી, એક પગથિયું ચડી લેવું. કારણ કે જે છે તે આજ છે, અને આજમાં જ આખું જીવન છે.

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા .

## કેપીઈએસ ઈંગ્લિશ સ્કૂલની ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી કરવામાં આવી.



ભાવનગર શહેરની સૌથી જુની અને પ્રતિષ્ઠિત ઈંગ્લિશ મીડીયમ સ્કૂલ કે જેની સ્થાપના ૧૯૭૬માં થયેલ આ વર્ષે ૫૦ વર્ષ પૂર્ણ થતાં તેની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ.કાર્યક્રમની શરૂઆત વંદે માતરમ ગાનથી થઈ.કાર્યક્રમમા ભાવનગર મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિ. કુલપતિશ્રો ડો.ભરત રામાનુજ સાહેબે મુખ્ય મહેમાન તરીકે વિશેષ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરુ પાડેલ અને કેરળના ટ્રસ્ટીઓની દીર્ઘ દ્રષ્ટિની પ્રશંસા કરી તેની કામગીરીને બિરદાવેલ.કેપીઈએસ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ અને યુનિ.ના ઈન્ચાર્જ કુલસચિવ ડો.ભાવેશ જાનીએ તેમના સંસ્થા સાથેને સંસ્મરણો વાગોળ્યા અને અભિનંદન આપ્યા. મેનેજમેન્ટના વાઈસ ચેરમેન સુનિલ નારાયણે આવેલ તમામનું શાબ્દીક સ્વાગત કરેલ.ચેરમનશ્રી થોમસ વિલ્સન સરે , સેક્રેટરી વેણુગોપાલ નાયર સરે , ટ્રેઝેરર સંતોષકુમાર સરે આવેલ મહેમાનોનું મોમેન્ટો અને પુષ્પગુચ્છ સાથે સન્માન કરેલ.આજના કાર્યક્રમમાં મેનેજમેન્ટના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહેલ ખાસ કરીને કેરળ , રાજકોટ , અમદાવાદ વિગેરે સ્થળેથી સભ્યો ખાસ આવેલ.વિદ્યાર્થીઓએ સુંદર મજાનો સાંસ્કૃતિક કાર્યક્રમ દરેક વિભાગે રજુ કરેલ.કાર્યક્રમનું સંચાલન સ્વાતિ ટીચર તથા ક્રિમિષા ટીચરે કરેલ.આભારવિધિ પ્રિ- પ્રાયમરી સેક્શનનના હેડ અંજના સુગંધે કરેલ.કાર્યક્રમને સફળ બનાવવા તમામ એડમિનિસ્ટ્રેટરશ્રીઓ , વિભાગીય વડાઓ , શિક્ષકો વિગેરે જહેમત ઉઠાવેલ.રાષ્ટ્રગાન અને ડિનર સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

# થાળીમાંથી ગાયબ સોનું: ચમચીમાં અમૃત, ગીર દેશી ગાયનું વલોણા ઘી! (સંત સુરા)

શતં જીવેમ શરદ શતં શ્રુણુયામ શરદ શતમ! શ્લોકનો અર્થ : "આપણે ૧૦૦ વર્ષ (સો શરદ ઋતુઓ) સુધી જીવીએ, ૧૦૦ વર્ષ સુધી સાંભળીએ અને ૧૦૦ વર્ષ સુધી જોઈએ." વિસ્તૃત અર્થ અને સંદર્ભ: મૂળ ઉદ્ભવ: આ વૈદિક મંત્ર અથર્વવેદ (કાંડ ૧૯, સૂક્ત ૬૭) તથા તૈતિરીય ઉપનિષદમાં જોવા મળે છે!'શરદ' નો અર્થ: પ્રાચીન સમયમાં વર્ષની ગણતરી શરદ ઋતુથી થતી હતી, એટલે અહીં 'શરદ શતમ્' નો અર્થ ૧૦૦ વર્ષનું આયુષ્ય થાય છે.આશીર્વાદ: આ એક વૈદિક આશીર્વાદ કે શુભકામના છે, જેનો હેતુ માત્ર લાંબુ જીવવાનો નથી, પરંતુ ૧૦૦ વર્ષ સુધી સ્વસ્થ, તંદુરસ્ત, અને આંખ-કાન જેવી ઇન્દ્રિયોની પૂરી શક્તિ સાથે જીવવાનો છે. વપરાશ: આ મંત્ર કે વાક્યનો ઉપયોગ સામાન્ય રીતે જન્મદિવસ કે શુભ પ્રસંગોએ વડીલો દ્વારા દીર્ઘાયુષ્યની કામના કરવા માટે થાય છે!

ખેર, ચાર્વાક કહી ગયેલા — "યાવજ્જીવેત્ સુખં જીવેત્, ઋણં કૃત્વા ઘૃતં પિબેત્ — દેવું કરો ઘી પીઓ." ચાર્વાક ભારતનો પહેલો નાસ્તિક દાર્શનિક, જે વેદને નહોતો માનતો, યજ્ઞને નહોતો માનતો, પણ ઘીના ગુણને નકારી ન શક્યો. એણે કહ્યું — ભલે દેવું કરવું પડે, પણ ઘી પીવું.

આ એક લીટીમાં ઘીનો આખો ઈતિહાસ છે.

ઘી એટલે શું? ક્રીમનું ઘી અને વલોણા ઘીમાં ફરક શું?

બજારમાં ૯૦% ઘી ક્રીમમાંથી બને છે. દૂધમાંથી મશીનથી ક્રીમ કાઢી લો, ગરમ કરી દો — થયું ઘી. આમાં દહીંનો સંસ્કાર જ નથી.

જ્યારે ગીરની દેશી ગાયનું વલોણા ઘી એટલે ૪ તબક્કાની સાધના:

૧. ગીર ગાયનું છ૨ દૂધ.
૨. તેને ઉકાળી દહીં જમાવવું.
૩. લાકડાના વલોણાથી મંથન કરી માખણ કાઢવું.
૪. ધીમા તાપે તાવવું — ત્યારે બ્યુટેરિક એસિડ, ઝન્છ, ઓમેગા-૩ સચવાય.

આ જ તેને દાણેદાર, સુગંધીદાર અને પચવામાં હલકું બનાવે છે. ચાર્વાકે જે ઘી પીવાનું કહ્યું, એ આ જ ઘી હતું, ક્રીમનું નહિ.

આયુર્વેદ શું કહે છે?

ચરક સંહિતામાં ઘી સ્મૃતિ, બુદ્ધિ, બળ વધારનારું કહ્યું છે. સવારે ગરમ પાણી સાથે એક ચમચી ઘી — આંતરડા સાફ. રાત્રે હળદરવાળા દૂધમાં અડધી ચમચી — ઊંઘ ગાઢ.

શુદ્ધ વલોણા ઘી કેમ ઓળખવું?

૧. રંગ સોનેરી પીળો, દાણો મોતી જેવો.
૨. સુગંધ તાજા માખણ જેવી.
૩. ચમચીમાં ગરમ કરો તો તરત પીગળે, ધુમાડો ન કરે.

ચાર્વાકની વાતનો મર્મ

ચાર્વાકે દેવું કરીને ઘી પીવાનું કહ્યું, એનો અર્થ એ નથી કે આંધળું ખાઓ. એનો મર્મ એ છે કે શરીર છે તો બધું છે. ઘી વગરનું શરીર સુકાઈ જાય. પણ આજે આપણે ઉલટું કર્યું — દેવું કરીને દવા પીએ છીએ, ઘી નથી પીતા.

ઘીને તેલ સમજીને તળવા વાપરીએ છીએ, પછી કોલેસ્ટ્રોલનું બહાનું કાઢીએ છીએ. ઘી તળવાનું નથી, જમાડવાનું છે. રોટલી, ખીચડી, દાળ પર ઉપરથી નાખવાનું છે.


અંતે વાત સીધી છે — ચાર્વાક નાસ્તિક હતો, પણ સમજદાર હતો. તેણે કહ્યું — દેવું કરો ઘી પીઓ, કારણ કે ઘી વગર જીવન નકામું. આજે આપણે સમજદાર બનીને પણ ઘી છોડી દીધું.

તેથી યાદ રાખો — શુદ્ધ બિલોના / વલોણા પદ્ધતિનું ગીર ઘીઃ ?૨૨૦૦ - ?૨૮૦૦ / પ્રતિ કિલો દીઠ લેખેની કિંમતનું ખાઓ, કિન્તુ થોડુંક ઓછું ખાઓ પણ રોજ ખાઓ! ગીરનું વલોણા ઘી એ જ અસલી અમૃત છે!શરદ પૂર્ણિમા સહ ચાંદની પડવાની શુભેચ્છા!

લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

# ગુજરાતમાં ૫૦ રૂપિયાના નોટરી સ્ટેમ્પ શરૂ કરવા વિચારણાં, ટૂંક સમયમાં નિર્ણય લેવાય તેવી શક્યતા

ગુજરાતમાં નોટરી સ્ટેમ્પના નિયમોમાં ઐતિહાસિક બદલાવ આવી રહ્યો છે. ગુજરાત નોટરી એસોસિએશનની રજૂઆતને પગલે, હાલની ૫ રૂપિયાની સ્ટેમ્પને બદલે ૫૦ રૂપિયાની એક જ નોટરી સ્ટેમ્પ છાપવા નાસિકના ઈન્ડિયા સિક્યોરિટી પ્રેસને પત્ર પાઠવાયો છે. આ નવી વ્યવસ્થાથી દસ્તાવેજો પર ૧૦ ટિકિટો લગાવવાની ઝંઝટ ટળશે, કાગળનો બચાવ થશે અને પર્યાવરણને પણ ફાયદો થશે.ગુજરાતમાં હાલ ઉપલબ્ધ રૂપિયા પાંચના મૂલ્યની નોટરી સ્ટેમ્પ સાથે હવે રૂપિયા ૫૦ ના મૂલ્યની નોટરી સ્ટેમ્પ છાપવા અને તેનો પૂરતો પુરવઠો શરૂ કરવાની દિશામાં મહત્વની તજવીજ હાથ ધરવામાં આવી છે. ગુજરાત નોટરી એસોસિએશન તરફથી રૂપિયા ૫૦ ના મૂલ્યની નોટરી સ્ટેમ્પ્સ ઉપલબ્ધ બનાવવા અંગે ગુજરાત સ્ટેમ્પ્સ સુપ્રિન્ટેન્ડન્ટ કચેરીને કરેલી રજૂઆતને પગલે સ્ટેમ્પ્સ સુપ્રિન્ટેન્ડન્ટ કચેરી દ્વારા પણ આ રજૂઆતને અનુમોદન આપી નાસિકના ઈન્ડિયા સિક્યોરિટી પ્રેસને રૂ.૫૦ મૂલ્યની નોટરી સ્ટેમ્પ છાપવાની શકયતા ચકાસવા પત્ર પાઠવ્યો છે. જો રૂપિયા ૫૦ના મૂલ્યની આ નવી નોટરી સ્ટેમ્પ્સ અમલમાં આવશે તો ગુજરાતમાં તે ઐતિહાસિક પહેલ હશે.ગુજરાતમાં રૂ.પાંચના




મૂલ્યની સ્ટેમ્પ જ ચલણમાં, કોઈપણ નોટરાઈઝ્ડ ડૉક્યુમેન્ટ્સ પર ૫૦ રૂપિયાની ટિકિટ અનિવાર્યગુજરાતમાં કોઈપણ નોટરાઈઝ્ડ દસ્તાવેજ કરાવવા માટે તેની પર રૂ.પાંચના મૂલ્યની ૧૦ ટિકિટ એટલે કે, કુલ રૂ.૫૦ના મૂલ્યની ટિકિટ લગાવવી ફરજિયાત છે. હાલ રાજ્યમાં માત્ર રૂ.પના મૂલ્યની સ્ટેમ્પ જ વર્ષોથી ચલણમાં છે. ગુજરાત સ્ટેમ્પ એકટ હેઠળ તે અપાતી નહી હોવાની વ્યાપક ફરિયાદ ઉપરાંત, માત્ર ગુજરાત હાઈકોર્ટ ખાતેથી જ તેની વિતરણ વ્યવસ્થા સહિતના સળગતા પ્રશ્નોને લઈ ગુજરાત નોટરી એસોસીએશન અને ન્યુ નોટરી ચેરીટેબલ એસોસીએશને નોટરીઓ તેમ જ નાગરિકોને પડતી હાલાકી અને મુશ્કેલીને જોતાં રૂ.૫૦ના મૂલ્યની એક જ સ્ટેમ્પના આ નવા વિકલ્પને વ્યવહારુ અને સાનુકૂળ ગણાવતાં સ્ટેમ્પ્સ સુપ્રિન્ટેન્ડન્ટને પત્રમાં જણાવ્યું કે એક જ સ્ટેમ્પ અમલી બને તો કોઈપણ લગાવવાના કારણે ડૉક્યુમેન્ટ્સ ભરાઈ જાય છે અને તે લગાવવામાં પણ અગવડતા રહે છે. વળી, દસ ટિકિટો લાગી હોય તો તમામ ટિકિટો પર સહી-સિક્કા સહિતની પ્રક્રિયા અનુસરવી પડે છે. તેના બદલે જો રૂ.૫૦ ના મૂલ્યની એક જ સ્ટેમ્પ અમલી બને તો કોઈપણ બદલે રૂ.૫૦ની એક જ સ્ટેમ્પ થઈ જવાથી કાગળની બચત થશે તો, ટિકિટોની અછત નહીં વર્તાય. રૂ.૫૦ના મૂલ્યની એક જ સ્ટેમ્પ અસ્તિત્વમાં આવે તો, સ્ટેમ્પના સંગ્રહ, જથ્થા અને પુરવઠાના સંચાલનમાં પણ સરળતા રહેશે.ભારતભરમાં સૌથી વધુ ૫૦ ના મૂલ્યની નોટરી સ્ટેમ્પ લગાવવાની પ્રથા ગુજરાતમાં જ અમલી છે. ગુજરાત સ્ટેમ્પ એકટ હેઠળ ગુજરાત રાજ્યમાં નોટરાઈઝ્ડ ડૉક્યુમેન્ટ માટે રૂ.૫૦ના દરની ટિકિટ લગાવવી ફરજિયાત છે. જ્યારે આપણા પાડોશી રાજ્યમાં નોટરી સ્ટેમ્પની જોગવાઈ નથી. તો, મહારાષ્ટ્રમાં રૂ.૨૫ ના મૂલ્યની અને દિલ્હીમાં રૂ.૧૦ ના મૂલ્યની સ્ટેમ્પ્સ લગાવવી ફરજિયાત છેનાસિક સ્થિત સેન્ટ્રલ ગર્વમેન્ટ પ્રેસ દ્વારા આગામી દિવસોમાં નિર્ણય લેવાશેસુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સની કચેરી દ્વારા નાસિકના ઈન્ડિયા સિક્યોરિટી પ્રેસને ગુજરાત રાજ્ય માટે રૂ.૫૦ ના મૂલ્યની નોટરી સ્ટેમ્પના છાપકામ અને તેનો પુરવઠો શરૂ કરવા બાબતે શકયતા ચકાસવા ભલામણ કરવામાં આવી છે. તેથી આગામી દિવસોમાં રૂ.૫૦ ના મૂલ્યની નોટરી સ્ટેમ્પના પ્રિન્ટિંગ, તેની શીટના પરિવહન, કાર્બન ઉત્સર્જનમાં ઘટાડા સહિતના સઘળા પાસા ધ્યાને લઈ નિર્ણય લેવામાં આવશે.રૂ.૫૦ની સ્ટેમ્પ શરૂ થાય તો કાગળ, શાહી અને ચોંટાડવા માટેના પદાર્થોનો ૯૦ ટકા વપરાશ ઘટશેસમગ્ર દેશમાં નોટરીઓ માટેની સ્ટેમ્પ સેન્ટ્રલ ગર્વમેન્ટનો પ્રેસ કે નાસિકમાં ઈન્ડિયા સીક્યોરીટી પ્રેસ આવ્યો છે ત્યાંથી થાય છે. નોટરીઓની સ્ટેમ્પ નાસિકના પ્રેસમાં છપાય છે અને ત્યાંથી બધા રાજ્યોમાં ડિસ્પેચ થાય છે. હાલ એક ડૉક્યુમેન્ટ પર કુલ રૂ.૫૦ ના મૂલ્યની સ્ટેમ્પ્સ લગાવવી ફરજિયાત હોઈ અને અત્યારે રૂ.પના દરની સ્ટેમ્પ જ અમલમાં હોવાથી ૧૦-૧૦ ટિકિટો લગાવવી પડે છે. તેના લીધે કાગળ, શાહી સહિતના ખર્ચ વધી જાય છે અને પર્યાવરણને પણ નુકસાન થાય છે. જો તેના બદલે રૂ.૫૦ની એક જ સ્ટેમ્પ થઈ જાય તો ભારતભરના નોટરીઓની લાખો સ્ટેમ્પ્સ માટે કાગળના વપરાશ માટે વૃક્ષોનું જે છેદન થાય છે તે ઓછા કપાશે અને પર્યાવરણનું પણ મહામૂલુ જતન થશે. રૂ. ૫૦ના મૂલ્યની સ્ટેમ્પ શરૂ થવાથી સમગ્ર નાણાકીય મૂલ્ય માટે કાગળ, સુરક્ષિત શાહી અને ચોંટાડવા માટેના પદાર્થોના વપરાશમાં ૯૦ ટકા સુધી ઘટાડો થશે અને હાલ રૂ.૫ ની ટિકિટોની અછત વચ્ચે નાગરિકો હાલાકી ભોગવી રહ્યા છે તે પણ બંધ થશે.ગુજરાતમાં નોટરાઈઝ્ડ કોઈપણ ડૉક્યુમેન્ટ્સ પર ૫૦ રૂપિયાની ટિકિટ લગાવવી અનિવાર્ય છે. જો કે, છેલ્લા ઘણા સમયથી નોટરીની રૂ.૫ ની ટિકિટોની અછત અને નોટરીઓને પૂરતી માત્રામાં સ્ટેમ્પ છાપી તેને અમલમાં લાવવા અંગે ગુજરાત સ્ટેમ્પ્સ સુપ્રિન્ટેન્ડન્ટ કચેરીને ઉગ્ર રજૂઆત કરી હતી. આ મુદ્દે અગાઉ બંને એસોસીએશન દ્વારા કેન્દ્રીય કાયદા મંત્રીને પણ રજૂઆત કરી હતી. હાલ રૂ.૫ ના મૂલ્યની કુલ ૧૦ ટિકિટ મળતાં રૂ.૫૦ ના મૂલ્યની ટિકિટ કોઈપણ નોટરાઈઝ્ડ ડૉક્યુમેન્ટ કરાવવા લગાવવી પડે છે. તેના કારણે, સૌથી મોટી તકલીફ એ થાય છે કે, રૂ.૫-ની ૧૦ ટિકિટો નોટરાઈઝ્ડ ડૉક્યુમેન્ટ પર સીધી એક જ રૂ.૫૦ની સ્ટેમ્પ લગાવવાની રહે. તેનાથી જગ્યા પણ ઓછી રોકાય. વ્યવહારિક સાનુકૂળતા રહે. ઉપરાંત, રૂ. પના મૂલ્યની ટિકિટો વધુ વપરાવાના કારણે કાગળનો પણ વપરાશ બિનજરૂરી વધુ થાય છે,

# અમદાવાદમાં તંત્ર દ્વારા પૈસાનો વેડફાટ, બે સરકારી હોસ્પિટલોમાં ૧૦.૫૨ કરોડનું માત્ર ઓફિસ ફર્નિચર!

અમદાવાદમાં નવી બની રહેલી ન્ય અને શારદાબહેન હોસ્પિટલ ફરી વિવાદમાં છે. મણિનગર અને સરસપુરમાં ૩૫૦ કરોડથી વધુના ખર્ચે બનતી આ હોસ્પિટલો માટે છસ્ઝ દ્વારા ફક્ત ટેબલ-ખુરશી સહિતના ઓફિસ ફર્નિચર પાછળ ૧૦.૫૧ કરોડ રૂપિયા ખર્ચ કરાશે. અગાઉ ૧૦૪ કરોડનાલાઈટ-ઈલેક્ટ્રિક ફિટિંગના ખર્ચ બાદ આ નવા ખર્ચથી ભ્રષ્ટાચારના આક્ષેપો થયા છે, જે ×ખાતો નથી ને ખાવા દેતો નથી× ની નીતિ સામે સવાલ ઉભા કરે છેઅમદાવાદમાં નવી બની રહેલી મ્યુનિસિપલની એલજી અને



શારદાબહેન હોસ્પિટલ અવારનવાર વિવાદના વંટોળમાં અટવાય છે. અગાઉ હોસ્પિટલમાં લાઈટ અને ઈલેક્ટ્રિક ફિટિંગના કામ માટે મંજૂર કરાયેલલ તોતિંગ ખર્ચ ચર્ચાનો મુદ્દો બન્યો હતો. ત્યારબાદ હવે હોસ્પિટલ માટે મ્યુનિસિપલ ૧૦.૫૧ કરોડ રૂપિયાના ફક્ત ટેબલ-ખુરશી સહિત ઓફિસ ફર્નિચર ખરીદશે!આખી નવી ઓફિસ બની જાય તેટલા રૂપિયા મ્યુનિ. તંત્ર ફક્ત ઓફિસ ફર્નિચરના નામે વાપરીનાખશઅમદાવાદ મ્યુનિસિપલ દ્વારા ૩૫૦ કરોડ રૂપિયાથીવધુના ખર્ચે મણિનગરમાં નવી એલજી અને સરસપુરમાં શારદાબહેન હોસ્પિટલ તૈયાર કરાઈ રહી છે. ચારેક વર્ષથી ચાલતીબંનેદવાખાનાની કામગીરી વારંવાર ચર્ચાનું કેન્દ્ર બને છે. શરૂઆતમાં જ હોસ્પિટલનું કામ ૨૨થી ૨૫ ટકા જેટલા ઊંચા ભાવે અપાયું હતું. બાદમાં ડિઝાઈનમાં ફેરફારના નામે એલજી હોસ્પિટલ માટે વધારાનો ખર્ચ પણ મંજૂર કરી દેવાયો હતો. તેવામાં હવે વિવિધ કામગીરી માટે કરાતો તોતિંગ ખર્ચ શંકાના દાયરામાં આવ્યો છે. બંને હોસ્પિટલમાં ફક્ત ટેબલ, ખુરશી, સોફા સહિત ઓફિસ ફર્નિચર ખરીદવા માટે ૧૦.૫૧ કરોડ દેવાશેશારદાબહેન હોસ્પિટલમાં ૬.૪૧કરોડઅનેએલજીહોસ્પિટલમાં ૪.૧૧ કરોડ રૂપિયાનું ઓફિસ ફર્નિચર ખરીદવા હોસ્પિટલ કમિટી સમક્ષ દરખાસ્ત મુકાઈ છે.




**ન્યૂઝ ઓફ ગાંધીનગર**
**દૈનિક સાહિત્ય સરિતા-**
**આયોજક : પ્રદીપ રાવલ**




**NOG SS NO. 215**
વિષય :- "સાહિત્ય મંચોનું આંતરિક રાજકારણ"
શીર્ષક :- "ના રણ બને છે"
પ્રકાર :- પદ્ય (અછાંદસ)
શબ્દ :- ૬૧.

શબ્દો સરળ હોય તો ના રણ બને છે,
અપશબ્દો જ ઝગડાનું કારણ બને છે.

વાહવાહીની ઈચ્છા રાખવાવાળાથી,
સાહિત્ય મંચોનું રાજકારણ બને છે.

પુરસ્કાર કે પ્રસિદ્ધિનાં મોહે આંધળા,
કદી ને કદી સાહિત્યકાર પણ બને છે.

ફક્ત નામ માટે લખતા સાહિત્યકાર,
અંતમાં અનામીનું ઉદાહરણ બને છે.

મા સરસ્વતીનાં 'શ્યામ' ઉપાસક રહીં,
અણગમતા કદી ના અકારણ બને છે.
શ્યામ ગોયાણી 'શ્યામ', શિવેન્દ્રનગર (હાલ સૂરત)

★★★★★★★
**NOGSS NO: 372**
વિષય : સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ.
શીર્ષક : સર્જન કે સત્તાકારણ?
પ્રકાર : ગદ્ય (લેખ) શબ્દો : ૩૪૬

સર્જકની આસપાસ ઘટતી ઘટનાઓનું સર્જકના દૃષ્ટિબિંદુથી કરવામાં આવતું નિરૂપણ એટલે સાહિત્ય. આમ, સાહિત્યને સમાજનું દર્પણ કહેવું જરા પણ અતિશયોક્તિભર્યું નથી. સર્જકનું સર્જન તેની આગવી અભિવ્યક્તિ છે. તેનું સાચું મૂલ્યાંકન વાચક જ કરી શકે. આમ છતાં, સર્જકની અંગત જવાબદારી છે કે પોતાની રચનાને સાહિત્યના કમસેકમ પ્રાથમિક નિયમો અનુસાર પ્રમાણભૂત રાખે. અભિવ્યક્તિના આનંદમાં જોડણીના સાવ પ્રાથમિક નિયમો પણ વિસરાઈ જાય, તો સર્જક અને સર્જન બંને હાસ્યાસ્પદ બની શકે છે.

આટલી વાત કર્યા પછી વિષય પર આવીએ તો સાહિત્યના મંચો પરનું રાજકારણ આજના યુગની સળગતી સમસ્યા છે. સત્તા શબ્દ જ્યાં આવે ત્યાં રાજકારણ આપોઆપ પ્રવેશી જાય છે. સત્તાનું ચરિત્ર જ એવું છે કે તેને છોડવાનું મન ભાગ્યે જ કોઈને થાય છે. દેશ અને રાજ્યકક્ષાએ સમયાંતરે આપખુદશાહી કે લોકશાહીની આડમાં સરમુખત્યારશાહી વલણ ધરાવતા નેતાઓ સત્તા પર આવતાં જ પંચાયતોથી માંડીને સંસ્થાઓ અને મંચો સુધી બધે જ પોતાને અનુકૂળ પ્યાદાં બેસાડવાનો ખેલ શરૂ થાય છે. આમાંથી સાહિત્યના મંચો, શૈક્ષણિક સંસ્થાઓ, પરિષદો કે અકાદમીઓ પણ સંપૂર્ણપણે બાકાત રહી શકતી નથી.

આ ઉપરાંત, જૂથબંધી, સગાવાદ અને વ્યક્તિપૂજા સાહિત્યના મંચો પર હાવી રહે છે. આ સંજોગોમાં સર્જન કરતાં સંપર્કનું મહત્ત્વ વધી જાય છે. મંચ પર કોણ સ્થાન મેળવશે, કોને તક મળશે, કઈ સાહિત્યિક કૃતિનું સન્માન થશે કે કોને કયો પુરસ્કાર એનાયત કરાશે, તેનો નિર્ણય ક્યારેક ગુણવત્તાને બદલે વ્યક્તિગત સંબંધો અને જૂથબંધીના આધારે થાય છે.

આ ખેંચતાણનું સૌથી મોટું નુકસાન સાહિત્ય અને નવોદિત સર્જકોને થાય છે. કોઈ સર્જક જ્યારે પોતાની કૃતિ કરતાં મંચના હોદ્દેદારોની જીહજૂરી કરવા મજબૂર બને છે, ત્યારે સાહિત્યની ગુણવત્તાનું પતન થાય છે. વિચારધારાના નામે થતા પક્ષપાત અને આંતરિક જૂથવાદથી સર્જનાત્મક વાતાવરણ ડહોળાય છે. વરિષ્ઠ સાહિત્યકારો માર્ગદર્શક બનવાને બદલે સત્તાના રક્ષક બનીને બેસી જાય, તો એ સૌથી મોટી કમનસીબી કહેવાય. કલમનું કામ સત્તાને બિરદાવવાનું પણ છે અને સવાલ કરવાનું પણ. સારી કામગીરીની સરાહના કરવી અને વિસંગતતાઓ સામે સવાલ ઉઠાવવા એ બંને કલમની જવાબદારીઓ છે. જો સર્જક પોતાના પૂર્વગ્રહયુક્ત વિચારોને લખાણમાં ઉતારે, તો એ પણ સાહિત્ય સાથેનો દ્રોહ જ ગણાય અને મહદંશે રાજકારણથી પ્રેરિત અભિવ્યક્તિ જ ગણાય.

સાહિત્યના મંચોએ પોતાના અસ્તિત્વની સાર્થકતા જાળવી રાખવી હોય, તો તેમણે પારદર્શક અને તટસ્થ બનવું પડશે. સાહિત્યિક મંચો રાજકારણ અને પૂર્વગ્રહોથી મુક્ત થઈને માત્ર શ્રેષ્ઠ સર્જનને પ્રાધાન્ય નહીં આપે, ત્યાં સુધી સાહિત્યિક જગતનો સાચો ચિતાર મળી શકશે નહીં.
સંજય બી. મહેતા. (અમદાવાદ)

### શરદ પૂનમની રાતે શિવે ધારણ કર્યું હતું ગોપી રૂપ!

# ઉત્તર ગુજરાતના સરહદી સોનેથ ગામે આવેલું છે પૌરાણિક 'ગોપેશ્વર મહાદેવ' મંદિર



ઉત્તર ગુજરાતના સરહદી વિસ્તારમાં આવેલા વાવ-થરાદ પંથકના સુઈગામ તાલુકાના સોનેથ ગામે આવેલું ઐતિહાસિક અને પ્રાચીન 'ગોપેશ્વર મહાદેવ' મંદિર શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મોટું કેન્દ્ર છે. આ પૌરાણિક ધામ સાથે અનેક રોચક લોકવાયકાઓ અને દૈવી રહસ્યો જોડાયેલા છે, જે પુરાણોના ઉલ્લેખો સાથે પણ અદ્ભુત સામ્યતા ધરાવે છે.

ગોપી વેશે રાસ રમવાની લોકવાયકા

લોકવાયકા મુજબ, હજારો વર્ષો પહેલાં ભગવાન શ્રીકૃષ્ણે આ નિર્જન ભૂમિ પર રાસલીલા રચી હતી. આ દૈવી રાસલીલાનો આનંદ માણવા માટે ખુદ ભોળાનાથ શંકરે એક ગોપીનું સ્વરૂપ ધારણ કર્યું હતું અને રાસમાં સામેલ થયા હતા. શ્રીકૃષ્ણની યોગશક્તિથી રચાયેલી આ રાસલીલામાં ભગવાન શિવ એટલા બધા મગ્ન થઈ ગયા કે તેમને સમયનું ભાન જ ન રહ્યું. બાદમાં તેઓ શ્રીકૃષ્ણ સમક્ષ શરમાયા (ભોંઠા પડ્યા) અને આ જ જગ્યાએ લિંગરૂપે સમાઈ ગયા. ત્યારથી આ પવિત્ર સ્થળ 'ગોપેશ્વર મહાદેવ' તરીકે ઓળખાવા લાગ્યું.

પુરાણોમાં પણ જોવા મળે છે ઉલ્લેખ

શરદ પૂર્ણિમાની રાત્રીએ કૃષ્ણ અને વ્રજની ગોપીઓ (દૂધદાસીઓ) વચ્ચે રાસલીલા યોજાઈ હોવાનું શાસ્ત્રોમાં વર્ણન છે. આ દૈવી નૃત્યમાં ભાગ લેવા માટે શિવે ગોપીનું રૂપ ધારણ કર્યાના આબેહૂબ સંદર્ભો બ્રહ્મ પુરાણ, સ્કંદ પુરાણ, બ્રહ્મ વૈવર્ત પુરાણ અને લિંગ પુરાણમાં આપવામાં આવ્યા છે. પુરાણોના આ ઉલ્લેખને ધ્યાનમાં લેતા, વાવ-થરાદ પંથકના સુઈગામ તાલુકાના સોનેથ ખાતે આવેલું આ પૌરાણિક મંદિર જ તે ઐતિહાસિક સ્થળ હોવાનું દ્રઢપણે માનવામાં આવે છે.

પાંડવકાલીન હિડંબા વનનો ઇતિહાસ

ભૌગોલિક અને ઐતિહાસિક દ્રષ્ટિએ ઉત્તર ગુજરાતનો આ સરહદી વિસ્તાર મહાભારત કાળમાં પાંડવોના સમયનું 'હિડંબા વન' હોવાનું પણ માનવામાં આવે છે, જે ભૌગોલિક દ્રષ્ટિએ પણ હકીકત સાબિત થાય છે. આમ, પુરાણોમાં વર્ણિત કથા અને આ પૌરાણિક ધામનું અસ્તિત્વ શ્રદ્ધાળુઓ માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

# સ્પેશિયલ કેસ કે સત્તાની લ્હાણી..??

# યુસુફ પઠાણ જમીન વિવાદ અને નીતિગત અન્યાયનું વિશ્લેષણ..

લોકશાહીમાં સરકારને સત્તા મળે છે, પરંતુ એ સત્તા કોઈ વ્યક્તિ પર ઉપકાર કરવા માટે નહીં, જનતાની સંપત્તિનું ન્યાયપૂર્ણ અને પારદર્શક સંચાલન કરવા માટે મળે છે. મહાનગરપાલિકાની જમીન કોઈ રાજકીય પક્ષની મિલકત નથી. કોઈ નેતાની અંગત જાગીર નથી કે કોઈ જાણીતી વ્યક્તિને ખુશ કરવા માટેની ભેટ નથી. એ જાહેર સંપત્તિ છે, જેના પર સમગ્ર સમાજનો અધિકાર છે. તેથી જ્યારે વડોદરા મહાનગરપાલિકા (ફસ્ટ્ઝ)ની ૯૭૮ ચોરસ મીટર જેટલી જમીન ક્રિકેટર અને રાજકારણી યુસુફ પઠાણને આપવાની દરખાસ્ત મંજૂર થાય અને તેમાં ૫૦૦ ચોરસ મીટર જમીન ભેટરૂપે તથા બાકીની જમીન મૂલ્યાંકિત કિંમતના ૫૫ ટકા ભાવે આપવાની જોગવાઈ હોય, ત્યારે સવાલ ઊઠાવવો નાગરિકનો અધિકાર જ નહીં, તેની જવાબદારી પણ છે.

આ વિવાદ માત્ર એક ક્રિકેટરને જમીન આપવાનો નથી. આ સવાલ છે કે જાહેર સંપત્તિના વહીવટમાં ન્યાયનો માપદંડ શું છે? કાયદો સૌ માટે સમાન છે કે વ્યક્તિની ઓળખ, પ્રસિદ્ધિ અને રાજકીય પરિસ્થિતિ પ્રમાણે તેનો અર્થ બદલાય છે?

૨૦૧૪ માં ઈનકાર, ૨૦૨૪ની નોટિસ અને ૨૦૨૬ માં અચાનક કૃપા..??!!

આ ઘટનાક્રમના તથ્યો પોતે જ અનેક પ્રશ્નો ઊભા કરે છે. યુસુફ પઠાણે ૨૦૧૨માં વડોદરા મહાનગરપાલિકા પાસેથી પોતાના પરિવારના નિવાસસ્થાનની બાજુમાં આવેલી જમીન મેળવવા અરજી કરી હતી. ગુજરાત સરકારે ૨૦૧૪માં આ દરખાસ્ત નકારી હતી. ત્યારબાદ જૂન ૨૦૨૪માં મહાનગરપાલિકાએ કથિત અનધિકૃત કબજા અને ફેન્સિંગ અંગે નોટિસ આપી હતી. ગુજરાત હાઈકોર્ટે પણ અગાઉની ફાળવણી નકારવાના નિર્ણયને માન્ય રાખ્યો હતો અને ફાળવણી વિના કબજો રાખવાથી કાયદેસર હક ઊભો થતો નથી તે સ્પષ્ટ કર્યું હતું.

પરંતુ પછીના ઘટનાક્રમે આખા વિવાદને નવો વળાંક આપ્યો. ઑગસ્ટ ૨૦૨૬માં રાજ્ય સરકારે નવી ફાળવણીને મંજૂરી આપી અને ૨૩ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ ફસ્ટ્ઝની સ્થાયી સમિતિએ દરખાસ્તને મંજૂરી આપી.

સવાલ એ છે કે ૨૦૧૪માં જે અરજી નકારાઈ હતી, તેમાં ૨૦૨૬માં એવું કયું નવું તથ્ય, કાયદાકીય કારણ કે જાહેરહિત ઊભું થયું કે નિર્ણયનો આખો અભિગમ બદલાઈ ગયો? જો યુસુફ પઠાણની રમતગમતની સિદ્ધિઓ જ મુખ્ય આધાર હોય, તો એ સિદ્ધિઓ ૨૦૧૪માં પણ અસ્તિત્વમાં હતી. તો પછી બાર વર્ષ પછી જ આ વિશેષ કૃપા શા માટે?

સરકારે આ સવાલનો સ્પષ્ટ, દસ્તાવેજી અને વિશ્વાસપાત્ર જવાબ આપવો જોઈએ. માત્ર 'વિશેષ કિસ્સો' કહી દેવાથી નિર્ણય ન્યાયસંગત બની જતો નથી.

યુસુફ પઠાણ ૨૦૦૭ના ૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧ના વન-ડે વર્લ્ડ કપમાં ભારતીય ટીમના સભ્ય રહ્યા હતા. તેમની રમતગમતની સિદ્ધિઓનું સન્માન થવું જ જોઈએ. દેશ માટે રમનાર દરેક ખેલાડીનું યોગદાન મૂલ્યવાન છે. પરંતુ ખેલાડીનું સન્માન કરવું અને જાહેર જમીનનો મોટો હિસ્સો મફતમાં આપી દેવો—આ બંને અલગ બાબતો છે.

ખેલાડીઓને સન્માનિત કરવા માટે પારદર્શક નીતિ, જાહેર કરાયેલા માપદંડ અને સૌને લાગુ પડે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. જો સરકાર કોઈ ખેલાડીને જમીન ભેટ આપવાનું નક્કી કરે, તો એ નિર્ણયનો કાયદાકીય આધાર, જાહેરહિત અને નાણાકીય જવાબદારી સ્પષ્ટ હોવી જોઈએ.

અહીં તો આશરે ?૨૦.૫ કરોડ મૂલ્યની જમીનમાંથી ૫૦૦ ચોરસ મીટર ભેટરૂપે અને બાકીની ૪૭૮ ચોરસ મીટર જમીન ૫૫ ટકા મૂલ્યાંકિત ભાવે આપવાની દરખાસ્ત છે. આ સામાન્ય સન્માન નથી, આ જાહેર સંપત્તિ અંગેનો મોટો આર્થિક નિર્ણય છે. જાહેર નાણાં અને જમીનના મામલે ભાવનાત્મક દલીલ કરતાં કાયદાકીય અને નાણાકીય જવાબદારી વધુ મહત્ત્વની હોવી જોઈએ.

આ આખા વિવાદનો સૌથી ગંભીર મુદ્દો દરખાસ્તની એ શરત છે કે આ ફાળવણીને ભવિષ્યમાં અન્ય વ્યક્તિઓ દ્વારા સમાન લાભ માગવા માટે દાખલા તરીકે ગણવામાં નહીં આવે.

અહીં સરકાર સમક્ષ સીધો સવાલ છેઃ જો યુસુફ પઠાણને બે વર્લ્ડ કપમાં ભારતીય ટીમના સભ્ય હોવાના આધારે વિશેષ કિસ્સો ગણવામાં આવે છે, તો અન્ય આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ માટે કયા માપદંડ લાગુ પડશે?

રવિન્દ્ર જાડેજા, હાર્દિક પંડ્યા, કૃણાલ પંડ્યા કે અન્ય જાણીતા ખેલાડીઓ જો ભવિષ્યમાં સમાન પ્રકારની જમીનની માગણી કરે, તો શું તેમને પણ આવી જ રાહત મળશે? જો નહીં, તો કયા તર્કસંગત અને જાહેર માપદંડના આધારે તેમની માગણી નકારવામાં આવશે?

અહીં કોઈ ખેલાડી વધુ સફળ છે કે ઓછો સફળ, એ મુખ્ય મુદ્દો નથી. મૂળ મુદ્દો છે સમાન પરિસ્થિતિમાં સમાન વ્યવહારનો. બંધારણની કલમ ૧૪ સરકારને મનસ્વી ભેદભાવ કરવાની છૂટ આપતી નથી.

કોઈ નિર્ણયને 'અપવાદ' નામ આપવાથી તે આપમેળે કાયદેસર બની જતો નથી. જો સરકાર એક વ્યક્તિને વિશેષ લાભ આપે છે, તો તે વિશેષતાનો તર્કસંગત અને કાયદેસર આધાર સમજાવવાની જવાબદારી પણ સરકારની છે. 'આ દાખલો નથી' એવું લખવાથી ભવિષ્યમાં ઊભા થતા સમાનતાના સવાલો બંધ થઈ જતા નથી.

આ ઘટનાક્રમનો રાજકીય સમયક્રમ પણ અવગણી શકાય એવો નથી. યુસુફ પઠાણે ૨૦૨૪માં તૃણમૂલ કોંગ્રેસની ટિકિટ પર લોકસભાની ચૂંટણી જીતી હતી. જૂન ૨૦૨૬માં તેઓ સ્ત્રોથી અલગ થઈ ફ્રઁ સાથે જોડાયા, આ જૂથ દ્રઢછની તરફેણમાં ગયું. ત્યારબાદ ઑગસ્ટમાં જમીન ફાળવણી માટે રાજ્ય સરકારનો ઠરાવ આવ્યો અને ઑક્ટોબરમાં ફસ્ટ્ઝની સ્થાયી સમિતિએ દરખાસ્ત મંજૂર કરી.

આ સમયક્રમના આધારે રાજકીય સોદો થયો હોવાનું પુરાવા વિના નિશ્ચિતપણે કહેવું યોગ્ય નહીં બને. પરંતુ આ ઘટનાઓ વચ્ચેના સંબંધ અંગે પ્રશ્નો ઊભા થાય એ પણ સ્વાભાવિક છે. જાહેર સંપત્તિના કરોડો રૂપિયાના લાભના મામલે રાજકીય સમયસંગતતા અંગે શંકા ઊઠે તો સરકારની ફરજ છે કે નિર્ણયપ્રક્રિયા પારદર્શક બનાવીને એ શંકાનું નિરાકરણ કરે.

જો નિર્ણય સંપૂર્ણપણે કાયદેસર અને જાહેરહિતમાં હોય, તો તેની પાછળનાં કારણો, ફાઇલ-નોટિંગ, કાયદાકીય અભિપ્રાય અને નાણાકીય ગણતરીઓ જાહેર કરવામાં વાંધો શું હોવો જોઈએ?

લોકશાહીમાં સત્તાધીશોની ટીકા કરવી ગુનો નથી. પુરાવા આધારિત સવાલો પૂછવા એ લોકશાહીની તંદુરસ્તી છે.

કાયદામાં 'ભેટ'ની જોગવાઈ ક્યાં છે?

જમીન ફાળવણીના કાયદાકીય પાસાંને પણ ગંભીરતાથી તપાસવા જરૂરી છે. ગુજરાતનાશરતો સાથે લીઝ અને વિકાસના અધિકારો જેવી પદ્ધતિઓનો ઉલ્લેખ છે. નિયમ ૧૩માં જાહેરહિતનાં પ્રોજેક્ટ માટે સંસ્થાઓને જમીન ફાળવવાની વિશેષ વ્યવસ્થા છે.

પરંતુ વ્યક્તિગત રહેણાક ઉપયોગ માટે કોઈ જાણીતા ખેલાડીને જાહેર જમીન ભેટ આપવાની સ્પષ્ટ સામાન્ય જોગવાઈ આ નિયમોમાં દેખાતી નથી. આથી સરકાર વિશેષ સત્તાનો દાવો કરતી હોય તો એ સત્તાનો ચોક્કસ કાયદાકીય સ્ત્રોત, તેની મર્યાદા અને આ કેસમાં તેનો ઉપયોગ કઈ રીતે માન્ય છે તે સ્પષ્ટ કરવું જરૂરી છે.

કાયદો માત્ર સામાન્ય નાગરિક માટે કડક અને સેલિબ્રિટી માટે નરમ બની જાય તો ન્યાયની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઊભો થાય. કોઈ વ્યક્તિએ દેશનું ગૌરવ વધાર્યું હોય તો તે પ્રશંસાને પાત્ર છે, પરંતુ તેનાથી જાહેર સંપત્તિ અંગેના કાયદાકીય માપદંડ આપમેળે બદલાઈ જતા નથી.

જો મહાનગરપાલિકાની જમીન પર કથિત અનધિકૃત કબજા અને ફેન્સિંગ અંગે અગાઉ નોટિસ આપવામાં આવી હતી, તો નવી ફાળવણી પહેલાં એ મુદ્દાનો સ્પષ્ટ નિકાલ થવો જોઈએ. અગાઉના કબજાના સમયગાળા માટે કોઈ ચાર્જ નક્કી થયા છે કે નહીં? કોઈ નુકસાનની વસૂલાત બાકી છે? નવી ફાળવણીથી અગાઉની જવાબદારી માફ થાય છે કે નહીં?

આભાર - નિહારીકા રવિયા જો માફ થાય તો કઈ કાયદાકીય સત્તા હેઠળ?

આ પ્રશ્નો વ્યક્તિગત વિરોધ માટે નહીં, પરંતુ જાહેર સંપત્તિની સુરક્ષા માટે છે.

સામાન્ય નાગરિક સરકારી જમીન પર અનધિકૃત કબજો કરે તો તેને નિયમો, નોટિસ અને કાર્યવાહીનો સામનો કરવો પડે છે. ત્યારે જાણીતી વ્યક્તિના કિસ્સામાં પણ એ જ કાયદાકીય ધોરણ લાગુ પડે છે કે નહીં, તે જાણવાનો જનતાને પૂરો અધિકાર છે.

કાયદાનું શાસન ત્યારે જ વિશ્વસનીય રહે, જ્યારે તેની અમલવારી વ્યક્તિની ઓળખ અને રાજકીય સંબંધોથી સ્વતંત્ર હોય.

અહેવાલ મુજબ રાજ્ય સરકારે ફસ્ટ્ઝને સમકક્ષ મૂલ્યની બીજી જમીન આપવાની જોગવાઈ પણ કરી છે. પરંતુ આ વચનનો વાસ્તવિક અર્થ સમજવા માટે એ જમીન ક્યાં છે, તેનું સ્વતંત્ર મૂલ્યાંકન કેટલું છે, તે ક્યારે હસ્તાંતરિત થશે અને તેના પર કયા કાનૂની હકો લાગુ પડશે—આ વિગતો જાહેર થવી જોઈએ. માત્ર સમકક્ષ મૂલ્યની જમીન આપવાનું લખવાથી મહાનગરપાલિકાને થયેલી અસર આપમેળે દૂર થઈ જતી નથી. જાહેર સંપત્તિના બદલામાં મળતી સંપત્તિની ગુણવત્તા, ઉપયોગિતા અને વાસ્તવિક કિંમત પણ મહત્ત્વ ધરાવે છે.

નગરજનોના કરવેરા અને જાહેર સંસાધનોનું સંચાલન કરતી સંસ્થાએ પોતાની દરેક આર્થિક હિલચાલ માટે
જવાબદારી સ્વીકારવી જોઈએ.

અમારી માગણીઓ સ્પષ્ટ છે

૧. ગુજરાત સરકાર ૧૩ ઑગસ્ટ, ૨૦૨૬ના ઠરાવનો સંપૂર્ણ કાયદાકીય આધાર અને નિર્ણય પાછળનાં કારણો જાહેર કરે.

૨. ૨૦૧૪માં નકારાયેલી અરજીને ૨૦૨૬માં સ્વીકારવા પાછળના નવા તથ્યો અને નીતિગત આધાર સ્પષ્ટ કરે.

૩. યુસુફ પઠાણને આપવામાં આવેલી વિશેષ રાહત માટેના માપદંડ જાહેર કરે અને સમાન પરિસ્થિતિમાં અન્ય ખેલાડીઓ માટે કયા નિયમો લાગુ પડશે તે સમજાવે.

૪. જમીન ભેટરૂપે આપવાની કાયદાકીય સત્તા અને લાગુ નિયમો અંગે સ્વતંત્ર કાયદાકીય અભિપ્રાય જાહેર કરવામાં આવે.

૫. અગાઉના કથિત અનધિકૃત કબજાના સમયગાળા, ચાર્જ અને જવાબદારી અંગે સ્પષ્ટ હિસાબ રજૂ કરવામાં આવે.

૬. ફસ્ટ્ઝને મળનારી સમકક્ષ જમીનનું સ્થાન, મૂલ્યાંકન અને હસ્તાંતરણની શરતો જાહેર કરવામાં આવે.

૭. સામાન્ય સભાની અંતિમ પ્રક્રિયા દરમિયાન તમામ દસ્તાવેજો અને વાંધાઓનો વિચાર કરીને પારદર્શક નિર્ણય લેવામાં આવે.

અંતે એક જ સવાલ—જાહેર સંપત્તિ પર અધિકાર કોનો?

યુસુફ પઠાણનો વિરોધ વ્યક્તિગત નથી. મુદ્દો કોઈ ક્રિકેટર કે રાજકારણીને પસંદ કે નાપસંદ કરવાનો નથી. મુદ્દો એ છે કે જાહેર જમીનના વહીવટમાં કાયદો, સમાનતા અને નાણાકીય જવાબદારી સર્વોપરી રહેવી જોઈએ.

જો સરકાર ખરેખર ખેલાડીઓનું સન્માન કરવા માગે છે, તો તેણે જાહેર અને સમાન માપદંડો ધરાવતી નીતિ બનાવવી જોઈએ. જો કોઈ વિશેષ કિસ્સો હોય, તો તેનું કાયદાકીય કારણ અને જાહેરહિતનો આધાર સમજાવવો જોઈએ. પરંતુ એક વ્યક્તિને કરોડોની રાહત આપીને અન્ય લોકો માટે 'આ દાખલો નહીં બને' એવી શરત મૂકવાથી ન્યાયસંગતતાના સવાલો ટળી શકતા નથી.

લોકશાહીમાં સત્તા સરકાર પાસે હોઈ શકે, પરંતુ જાહેર સંપત્તિ પરનો નૈતિક અધિકાર જનતાનો છે. સરકાર જમીનની માલિક તરીકે નહીં, જનતાની વિશ્વસ્ત સંચાલક તરીકે કામ કરે છે.

જાહેર જમીન કોઈની ખાનગી જાગીર નથી. સન્માનના નામે વિશેષ લાભ આપતા પહેલાં કાયદાનો હિસાબ આપવો જ પડે. કારણ કે લોકશાહીમાં વ્યક્તિ કેટલીય જાણીતી હોય, પરંતુ ન્યાયનો માપદંડ તેના કરતાં મોટો હોવો જોઈએ.

અમીત ત્રિવેદી (૨૪/૧૦/૨૦૨૬)

# એકતાની શક્તિઃ એકતા દિવસ ૨૦૨૬ માટે ૨૦૦ NCC કેડેટ્સ સજ્જ



ભારત ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય એકતા દિવસ (એકતા દિવસ)ની ઉજવણી કરવાની તૈયારી કરી રહ્યું છે, ત્યારે સ્ટેચ્યુ ઑફ યુનિટી માટે વિશ્વવિખ્યાત એકતા નગર રાષ્ટ્રીય એકતાના ઉત્સાહથી જીવંત બન્યું છે. દેશભરની તમામ ૧૭ ૬૯ઝ ડિરેક્ટોરેટ્સનું પ્રતિનિધિત્વ કરતા પસંદગી પામેલા ૨૦૦ નેશનલ કેડેટ કોર્પ્સ (૬૯ઝ) કેડેટ્સ પ્રતિષ્ઠિત વાર્ષિક કાર્યક્રમની તૈયારી માટે વિશેષ રાષ્ટ્રીય એકતા શિબિર (જીદ્વૈંઝ)માં એકત્રિત થયા છે.

ભારતને એકસૂત્રમાં બાંધનાર સરદાર વલ્લભભાઈ પટેલના આદર્શોને સાકાર કરતા આ યુવા નેતાઓને સઘન તાલીમ અને સાંસ્કૃતિક આદાનપ્રદાનના કાર્યક્રમોમાંથી પસાર કરવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય તેમની વચ્ચે જીવનભર ટકી રહે તેવા સંબંધો વિકસાવવા અને ★'એક ભારત, શ્રેષ્ઠ ભારત'★ની ભાવનાને ઉજાગર કરવાનો છે.

શારીરિક શિસ્ત અને વ્યક્તિત્વ વિકાસ પર વિશેષ ભાર

એકતા નગર ખાતે યોજાઈ રહેલી આ શિબિરમાં કઠોર શારીરિક તાલીમની સાથે સર્વાંગી વ્યક્તિત્વ વિકાસને પણ સમાન મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે.

દરરોજ વહેલી સવારે સૂર્યોદય પહેલાં શારીરિક તાલીમ (ૈૅ), કવાયત અને યોગ સત્રો સાથે દિવસની શરૂઆત થાય છે. આ પ્રવૃત્તિઓ કેડેટ્સની શારીરિક સહનશક્તિ, શિસ્ત, યોગ્ય મુદ્રા અને માનસિક સતર્કતા વધારવામાં મદદરૂપ બને છે. નર્મદા નદીના કિનારે તાલમેલ સાથે આગળ વધતાં કેડેટ્સનાં પગલાં તેમની એકતા, સમર્પણ અને શિસ્તનું પ્રતીક બની રહ્યાં છે.

આ ઉપરાંત, નેતૃત્વ ક્ષમતા, નૈતિક નિર્ણયશક્તિ, જાહેરમાં વક્તવ્ય આપવાની કુશળતા અને કટોકટી વ્યવસ્થાપન જેવા વિષયો પર વિશેષ કાર્યશાળાઓ તથા નિષ્ણાતોનાં વ્યાખ્યાનો યોજવામાં આવી રહ્યાં છે. આ પ્રવૃત્તિઓ દ્વારા કેડેટ્સને જવાબદાર નાગરિક અને ભવિષ્યના સક્ષમ નેતા બનવા માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે.

સાંસ્કૃતિક વિવિધતામાં એકતાનો સંદેશ

સઘન તાલીમની સાથે આ શિબિર ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતાના આદાનપ્રદાનનું પણ મહત્ત્વપૂર્ણ મંચ બની છે. વિવિધ રાજ્યોમાંથી આવેલા કેડેટ્સ એકબીજાની પરંપરાઓ, ભાષાઓ, લોકસંસ્કૃતિ અને વ્યક્તિગત અનુભવો વિશે જાણીને પરસ્પર સમજણ અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવી રહ્યા છે.

એકતા દિવસ પરેડની તૈયારીઓ પૂરજોશમાં

ચાલુ જીદ્વૈંઝ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય ૩૧ ઓક્ટોબરના રોજ યોજાનારી મુખ્ય એકતા દિવસ પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે કેડેટ્સને તૈયાર કરવાનો છે. દેશના વિવિધ પ્રદેશોની પૃષ્ઠભૂમિ ધરાવતા આ ૨૦૦ કેડેટ્સ ખભેખભા મિલાવીને કવાયત કરી રહ્યા છે અને વિવિધતામાં એકતાનો સંદેશ આપી રહ્યા છે.૩૧ ઓક્ટોબરના રોજ યોજાનારી ઉજવણીમાં શિસ્તબદ્ધ માર્ચિંગ ટુકડીઓ, રાષ્ટ્રીય એકતાને ઉજાગર કરતી પ્રસ્તુતિઓ અને સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે ઔપચારિક શ્રદ્ધાંજલિ કાર્યક્રમો મુખ્ય આકર્ષણ બનશે. આ કાર્યક્રમો ભારતના યુવાનોની શિસ્ત, સમર્પણ, રાષ્ટ્રીય ગૌરવ અને એકતાની ભાવનાને પ્રદર્શિત કરશે. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પ સાથે એકતા નગર ખાતે એકત્રિત થયેલા આ ૨૦૦ ૬૯ઝ કેડેટ્સ રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશસેવાની ભાવનાનો પ્રેરણાદાયી સંદેશ આપી રહ્યા છે.

# સમાજના વિકાસ માટે દરેકની ભાગીદારી જરૂરી છેઃ રમેશ ચંદ્ર ગુપ્તા (તુંગા વાલા)



- રાજ્ય સરકાર જમીન ફાળવતાની સાથે જ, સમુદાયના દાતાઓ, દાનવીરો અને સમુદાયના દરેક સભ્યના સહયોગથી ૫૦ કરોડ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક ૫૦ બેડની હોસ્પિટલ બનાવવાનું કામ શરૂ થશે.

સમાજના વિકાસ માટે દરેકની ભાગીદારી જરૂરી છે; આપણે બધાએ આ હાંસલ કરવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ. રાજસ્થાનની રાજધાની જયપુરમાં અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના રાષ્ટ્રીય કાર્યાલયમાં, રાજસ્થાનના જયપુર જિલ્લાના ચોમુ મ્યુનિસિપલ કાઉન્સિલના અશોક વિહાર કોલોનીના રહેવાસી, સિક્કિમના ગંગટોકમાં સિક્કિમ પ્રોફેશનલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અને સિક્કિમના ગંગટોકથી આવેલા અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના રાષ્ટ્રીય પ્રભારી અને મીડિયા ઇન્ચાર્જ પ્રોફેસર રમેશ કુમાર રાવત સાથે સૌજન્ય મુલાકાત દરમિયાન અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના પ્રમુખ રમેશ ચંદ્ર ગુપ્તા (તુંગા વાલા) અને અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના મુખ્ય કાર્યકારી પ્રમુખ સંજીવ કટ્ટાએ આ વાત કહી હતી. મુલાકાત દરમિયાન, પ્રોફેસર રમેશ કુમાર રાવતે તેમને સિક્કિમના રુદ્રાક્ષના ઝાડમાંથી તોડેલા અને પક્ષીની ચાંચમાંથી પડતા ઓમકાર લખેલા કુદરતી, મૂળ પાંચ મુખી રુદ્રાક્ષથી બનેલો હાર, પાઘડી અને રવિન્દ્રનાથ ટાગોર દ્વારા રચિત રાષ્ટ્રગીતનો ફોટો ફ્રેમ ભેટમાં આપ્યો. તેમણે તેમને નવરાત્રી, દશેરા અને આગામી પાંચ દિવસના પ્રકાશના તહેવાર, દિવાળીની શુભકામનાઓ પાઠવી અને તેમના આશીર્વાદ માંગ્યા, તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી!

આ પ્રસંગે, મહાસભાના પ્રમુખ રમેશ ચંદ્ર ગુપ્તા (તુંગાવાળા) અને મહાસભાના મુખ્ય કાર્યકારી પ્રમુખ સંજીવ કટ્ટાએ જાહેરાત કરી કે શ્રી ખંડેલવાલ વૈશ્ય મહાસભાએ ૨૦૨૪ થી ૨૦૨૭ સુધી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ સહાય માટે ?૨૫.૩ મિલિયન (૨૫.૩ મિલિયન રૂપિયા) પ્રદાન કર્યા છે. શૈક્ષણિક સહાય માટે શિષ્યવૃત્તિ તરીકે આશરે ?૧૦ મિલિયન (૧૦ મિલિયન રૂપિયા) પ્રદાન કરવામાં આવ્યા છે. મહિલા કલ્યાણ અને જાહેર કલ્યાણ કાયદા હેઠળ, છેલ્લા ત્રણ વર્ષમાં સમુદાયની જરૂરિયાતમંદ મહિલાઓને ?૧૦ મિલિયન (૧૦ મિલિયન રૂપિયા) પ્રદાન કરવામાં આવ્યા છે. સમુદાયના સભ્યોને ?૮૦,૦૦૦ ની તબીબી સહાય પૂરી પાડવામાં આવી છે. તેઓએ પોતાને ×સમાજના સૈનિકો× તરીકે વર્ણવ્યા. તેઓએ એ પણ જાહેર કર્યું કે મહાસભાએ છેલ્લા ત્રણ વર્ષમાં સમુદાયના અપંગ અને જરૂરિયાતમંદ વૃદ્ધ સભ્યોને લાખો રૂપિયાની સહાય પૂરી પાડી છે. વધુમાં, મહાસભાએ રાજ્ય સરકારને જયપુર જેડીએ ઝોનમાં મહાસભાને આશરે ૫,૦૦૦ ચોરસ યાર્ડ જમીન ફાળવવા માટે તમામ દસ્તાવેજો સાથે વિનંતી સુપરત કરી છે. રાજ્ય સરકાર જયપુર જેડીએ ઝોનમાં આ આશરે ૫૦૦૦ ચોરસ યાર્ડ જમીન ફાળવે કે તરત જ, સમાજના દાતાઓ, સમાજના દાનવીરો અને સમાજના દરેક સભ્યના સહયોગથી, મુખ્ય ઉદ્દેશ્ય આ જમીન પર લગભગ ૫૦ કરોડ રૂપિયાના ખર્ચે એક અત્યાધુનિક, ૫૦ બેડની હોસ્પિટલ બનાવવાનો અને સમાજના દરેક વર્ગના લોકોને ઓછામાં ઓછા ખર્ચે યોગ્ય અને ગુણવત્તાયુક્ત સારવાર પૂરી પાડવાનો છે.

# અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 'ફિટ ઈન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ'ની ૯૬મી આવૃત્તિનું આયોજન; સાયબર સુરક્ષા અને પરંપરાગત ભારતીય રમતો દ્વારા ફિટનેસનો સંદેશ

ટીમ ઇન્ડિયાની પેરા-સાયકલિસ્ટ ગીતા રાવ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત; એવરેસ્ટર અને ફિટ ઇન્ડિયા બ્રાન્ડ એમ્બેસેડર નિશા કુમારીએ યુવા સહભાગીઓને પ્રેરિત કર્યા

અમદાવાદ, ગુજરાત, ૨૫ ઓક્ટોબર ૨૦૨૬: ભારતીય રમત પ્રાધિકરણ (જીછૈં), પ્રાદેશિક કેન્દ્ર, ગાંધીનગર દ્વારા રવિવારે અમદાવાદ સ્થિત પ્રતિષ્ઠિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 'ફિટ ઇન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ'ની ૯૬મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વખતની મુખ્ય થીમ 'સાયબર સુરક્ષા' રહી હતી. આ કાર્યક્રમ દ્વારા સાયકલિંગ, શારીરિક તંદુરસ્તી, સાયબર સુરક્ષા અંગે જાગૃતિ, સર્વસમાવેશકતા અને સામુદાયિક સહભાગિતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં ટીમ ઇન્ડિયાની પેરા-સાયકલિસ્ટ શ્રીમતી ગીતા રાવ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે એવરેસ્ટર અને ફિટ ઇન્ડિયા બ્રાન્ડ એમ્બેસેડર સુશ્રી નિશા કુમારીની ઉપસ્થિતિએ સહભાગીઓને ફિટનેસ, દૃઢ નિશ્ચય અને સક્રિય જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કર્યા હતા. ★ગુજરાત ક્રિકેટ એસોસિએશન (ય્ઝ્છ)★ના સહયોગથી આયોજિત સાયકલ રેલીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમના ગેટ નંબર ૧ પરથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. રેલીનું સમાપન ડેકાથલોન સ્પોર્ટ્સ કેમ્પસ ખાતે થયું હતું. મોટી સંખ્યામાં ઉત્સાહી યુવા સહભાગીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને આશરે ૩.૫ કિલોમીટરનું સાયકલિંગ કરીને ફિટનેસ, સર્વસમાવેશકતા તથા સાયબર સુરક્ષા અંગે જાગૃતિનો સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત ઊર્જાસભર ઝુમ્બા સત્રથી થઈ હતી. ત્યારબાદ સહભાગીઓ માટે ચેસ, ફૂસબોલ, લૂડો, બેડમિન્ટન, વોલીબોલ સહિત વિવિધ મનોરંજક અને રમતગમતની પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓ દ્વારા સહભાગીઓને ફિટનેસની સાથે મનોરંજન, પરસ્પર સંવાદ અને સામુદાયિક જોડાણની તક મળી હતી.

સતત ચાલી રહેલા ફિટ ઇન્ડિયા મૂવમેન્ટના ભાગરૂપે કાર્યક્રમમાં વિશેષ 'ફિટ ઇન્ડિયા ગેમ્સ ઝોન' પણ બનાવવામાં આવ્યો હતો, જ્યાં સહભાગીઓએ ઉત્સાહપૂર્વક પરંપરાગત ભારતીય રમતોમાં ભાગ લીધો હતો. આ પહેલનો હેતુ લોકોને ભારતની સમૃદ્ધ રમતગમતની પરંપરા સાથે જોડવા ઉપરાંત શારીરિક સક્રિયતા, ટીમવર્ક, સંકલન અને સ્વસ્થ સ્પર્ધાત્મક ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો.




કાર્યક્રમ દ્વારા ફિટ ઇન્ડિયા મૂવમેન્ટના સંદેશ ★"ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોજ"★ને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. નાગરિકોને દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ શારીરિક પ્રવૃત્તિ માટે ફાળવવા અને ફિટનેસને પોતાની દિનચર્યાનો અભિન્ન ભાગ બનાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાયબર સુરક્ષાની થીમ દ્વારા ડિજિટલ વિશ્વમાં સતર્ક અને જવાબદાર વર્તનના મહત્વ અંગે પણ જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

'ફિટ ઇન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ'ની ૯૬મી આવૃત્તિએ સાયકલિંગ, પરંપરાગત ભારતીય રમતો અને જનજાગૃતિને એક મંચ પર લાવીને સ્વસ્થ જીવનશૈલી, નિયમિત શારીરિક પ્રવૃત્તિ, સર્વસમાવેશકતા અને સાયબર સુરક્ષાના મહત્વનો સંદેશ આપ્યો હતો.

ફિટ ઇન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ વિશે

ડિસેમ્બર ૨૦૨૪માં કેન્દ્રીય યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દ્વારા શરૂ કરવામાં આવેલી 'ફિટ ઇન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ' પહેલનું આયોજન યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય (સ્ૂછજી) હેઠળ ભારતીય રમત પ્રાધિકરણ (જીછૈં) દ્વારા સાઇકલિંગ ફેડરેશન ઑફ ઇન્ડિયા (ઝ્ર્હૈં), નવવ્રતિ ફાઉન્ડેશન, ફિટસ્પાયર, સેન્ટર ફોર ઇન્ટિગ્રેટિવ હેલ્થ, સ્ૂ મ્ર્ઢ્ઢિં તથા અન્ય સહયોગી સંસ્થાઓ સાથે મળીને કરવામાં આવે છે.

આ સાયકલિંગ અભિયાન તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એકસાથે યોજાય છે. તેમાં જીછૈંના પ્રાદેશિક કેન્દ્રો, નેશનલ સેન્ટર્સ ઑફ એક્સેલન્સ (દ્વર્ંઈજ), જીછૈં ટ્રેનિંગ સેન્ટર્સ (જીઝજ), ખેલો ઇન્ડિયા સ્ટેટ સેન્ટર્સ ઑફ એક્સેલન્સ (દ્વૈંજીઝઈજ) અને ખેલો ઇન્ડિયા સેન્ટર્સ (દ્વૈંઝજ)ની ભાગીદારી રહે છે.

# અમદાવાદ ખમાર જ્ઞાતિ ટ્રસ્ટના રાસ-ગરબા મહોત્સવમાં ભક્તિ, સંસ્કૃતિ અને એકતાનો અનોખો સંગમ

અમદાવાદ ખમાર જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા તા. ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬, શનિવારના રોજ ઈસનપુર સ્થિત રાધે પાર્ટી પ્લોટ ખાતે ભવ્ય રાસ-ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૮૦૦થી વધુ જ્ઞાતિજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. મહોત્સવમાં ૬૦ વર્ષની ઉંમર સુધીના ખેલૈયાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું ખમાર જ્ઞાતિના ફેસબુક પેજ પર લાઇવ પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેનો લાભ વિદેશમાં વસતા ખમાર જ્ઞાતિજનો સહિત અન્ય સમાજના લોકોએ પણ લીધો હતો. આ પહેલે ટેક્નોલોજીના માધ્યમથી સમાજને જોડવાનો સુંદર સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે જ્ઞાતિના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીએ આજના યુવા વર્ગ ×જેન ઝી× (યૈહ ઢ) ને પ્રોત્સાહિત કરતાં સમાજલક્ષી વિચારો વ્યક્ત કર્યા હતા. યુવાનો આધુનિકતા સાથે આગળ વધે, પરંતુ પોતાની સંસ્કૃતિ, સંસ્કાર અને પરંપરાથી જોડાયેલા રહે તેવો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.

આ રાસ-ગરબા મહોત્સવ માત્ર મનોરંજન પૂરતો સીમિત ન રહેતાં જ્ઞાતિની એકતા, પારિવારિક આત્મીયતા અને સાંસ્કૃતિક વારસાના જતનનું માધ્યમ બન્યો હતો. વડીલોની પરંપરા અને યુવાનોની નવી વિચારધારાના સમન્વય દ્વારા આવનારી પેઢી સુધી સંસ્કાર અને સંસ્કૃતિનો વારસો પહોંચાડવાનો સંકલ્પ આ મહોત્સવમાં પ્રતિબિંબિત થયો હતો.

"પરંપરા આપણું ગૌરવ, સંસ્કાર આપણી ઓળખ અને એકતા આપણી શક્તિ"ના ભાવ સાથે યોજાયેલો આ મહોત્સવ ખમાર જ્ઞાતિના સામાજિક સંગઠન અને સાંસ્કૃતિક વારસાને વધુ મજબૂત બનાવનારો બની રહ્યો હતો.




Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat